શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

ઑગસ્ટ - ૨૦૦૫'

## ભગવાન શ્રીકૃષ્ણની અસામાન્ય સામાન્યતા

*''શ્યામ ! તારી બંસી થઈને, બજવું છે જગ મારે,*
*સૂર છેડવા કેવા, ક્યારે ? એ જોવાનું તારે.''*

ભગવાન તો ભાવનાના ભૂખ્યા છે. ભાવનાથી મૂકેલા રૂકિમણીના તુલસીદલથી તેઓ તોલાયા છે. દુર્યોધનના છપ્પન ભોગનો ત્યાગ કરીને તેઓ વિદરુજીને ભાવભીની ભાજી જમ્યા છે એટલું જ નહી પરંતુ જેમણે ભાવનાથી પ્રભુનું કામ કરવાની તૈયારી રાખી છે, તેમનું નાનામાં નાનું અને નીચામાં નીચું કામ ભગવાન શ્રીકૃષ્ણે કર્યુ છે. પોતાના સાધનયંત્ર બનેલા પાંડવાનો રાજસૂય યજ્ઞમાં તેમણે એઠવાડ ઉપાડયો છે. તેમજ અર્જુનના રથના સારથિ બનીને તેમણે તેના ઘોડાઓને પણ નવડાવ્યા છે. આપણે પણ જો સાચી ભાવનાથી પ્રભુકાર્ય કરવા લાગીએ તો પ્રભુ આપણી મદદે પણ આવ્યા વગર ન રહે !

આપણી સામાન્યતાને પ્રભુની અસામાન્યાતા સ્પર્શી રહો, એ જ જન્માષ્ટીમાં શુભદિવસે જગદગુરુનાં ચરણોમાં પ્રાર્થના !

- સંકલન

INDOOR GAME STARTS FROM 4-9-05
DETAILS ON SECOND COVER PAGE.

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૫ | ૧૪-૮-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# સ્પેશીયલ માતાઓ

***- તંત્રી સ્થાનેથી***

*મેટરનીટી હૉસ્પીટલમાં ઓપરેશન થીયેટરની બહાર ઉભેલા કુટુંબીજનો આતુરતાથી રાહ જોતા હોય છે. દીકરો આવશે કે દીકરી. પ્રથમ સંતાન હોય તો ખાસ કરીને કંઈ પણ આવે માટે ભાગના લોકોને ખાસ હરખ શોક નથી થતો પરંતુ જયારે બીજું સંતાન હોય ત્યારે પ્રથમ દીકરો હોય તો દીકરી અને પ્રથમ દીકરી હોય તો દીકરાની આશા વધુ હોવાથી તેમ ન થતાં નિરાશા જન્મે છે. સમજદાર માબાપ કે કુટુંબીજનો બાળક જે પણ હોય સ્વસ્થ છે,કોઈ પણ ખોડખાંપણ વગરનુંછે અને માતાનો પ્રસુતિમાં પુર્નજન્મ થયો છે એમ માની ખુશી ખુશી ભગવાનની આ દેન ને સ્વીકારી લે છે. બાકી દર વર્ષે દુનિયામાં એક લાખથી વધુ ખોડખાંપણ વાળા બાળકો જન્મ લે છે. આ ખોડ શારીરીક હોઈ શકે, અથવા માનસિક હોઈ શકે. પરંતુ ભગવાનની આ દેન ને પણ હસતાં હસતાં સ્વીકારી લઈને ભગવાનની આ પરીક્ષાનો જવાબ આપવા કમર કસતાં માબાપોની આજે વાત કરવી છે.*

*મોટા ભાગની સ્ત્રીઓ અકસ્માતે મા બને છે, કેટલીક પોતે માતૃત્વ પસંદ કરે છે. કેટલીક સ્ત્રીઓ વાંઝીયણનું મેણું ભાંગવા મા બને છે. અને કેટલીક સ્ત્રીઓને આની આદત થઈ ગઈ હોય છે.આ બધી સ્ત્રીઓને બાળક આપવા માટે ભગવાન બરાબર પસંદગી કરતા હોય છે. એક પછી એક પ્રભુ દેવદુતને આદેશ આપે છે. શિલ્પાને દીકરો આપો. દેખરેખનું*

કામ કૃષ્ણનું, સ્મીતાને દીકરી દેખરેખ રામની, મેરીને જોડીયા દીકરા દેખરેખ ઈશુની, નતાશાને દીકરો, શબનમને દીકરી, શૈલાને દીકરો દીકરી વગેરે વગેરે... સારીકાને આ વિકલાંગ બાળક આપો. દેવદુત ચોંકી ઉઠયો કેમ પ્રભુ એને શું કામ? જુઓ તો ખરા એ કેટલી ખુશ છે. એજ કારણ છે વત્સ એને પસંદ કરવા પાછળ, શું જેને પોતાને હસતાં પણ ન આવડતું હોય એવી સ્ત્રીને હું આવું બાળક આપું? પરંતુ પ્રભુ એનામાં એટલી ધીરજ છે ખરી? ભગવાન કહે વત્સ ખુબ ધીરજ પણ શા કામની? એવી સ્ત્રીઓ પોતાના નસીબને, પોતાનેજ કોસતી બેસી રહે. સારીકામાં ખુબ ધીરજ નથી એટલે શરૂઆતમાં એને શોક લાગશે પરંતુ એમાંથી બહાર આવીને એ આ ચુનોતી સ્વીકારી લેશે. સારીકામાં પોતાનું વજુદ છે એ એક સ્વતંત્ર વ્યક્તિત્વ છે અને એટલે જ આવી માં પોતાના આવા સંતાન માટે નવી, પોતાની દુનિયા ઊભી કરી શકશે. દેવદુત ફરી બોલી ઉઠયો પણ પ્રભુ એનેતો તમારામાં પણ વિશ્વાસ નથી. ભગવાન કહે કંઈ વાંધો નહી વત્સ એ બધું થઈ રહેશે પણ આ બાળક માટે સારીકાજ બરાબર છે. જો એ થોડી સ્વાર્થી પણ છે. સ્વાર્થી? પ્રભુ શું એ સારો ગુણ છે? હા વત્સ જો એ સ્વાર્થી થઈને પોતાના માટે થોડો સમય ન કાઢી શકે તો એ જીવીજ ન શકે. થોડ સમય માટે પણ એણે આ બાળકથી અલગ પોતાના માટે વિચારવું જ જોઈએ પોતાના માટે પણ જીવવુંજ જોઈએ. હા સારીકા આ બાળક માટે બરાબર માતા છે. હુંએને આ ખોડવાળુ બાળક આપું છું. પરંતુ જોજે જગત એની ઈર્ષા કરશે એ જીવનને ક્યારેય સહેલાઈથી નહી લે એનું એકપણ પગલું સામાન્ય નહી હોય. એના માટે શબ્દો સહજ નહી હોય. એનો દીકરો 'માં' શબ્દ બોલે એના માટે એણે અથાક પરિશ્રમ કર્યો હશે અને જયારે એનો દીકરો પ્રથમ વાર માં બોલશેત્યારે એ એક ચમત્કાર હશે અને એ ચમત્કાર ફક્ત સારીકાજ કરી શકશે. બીજા બધાની જેમ સારીકાનું બાળક પોતાની આંખોથી દુનિયા નહી જુએ પણ સારીકા પોતાની દ્રષ્ટીથી એને દુનિયાનું દર્શન કરાવશે. એ જયારે મારા બનાવેલા ઝાડ, પશુ, પંખી, સુરજ, દરિયો વગેરેનું એના દીકરાને દર્શન કરાવશે ત્યારે મને સંતોષ થશે કે કોઈ કે તો મારા આ સર્જનની કદર કરી. અને વત્સ તું ડર નહી હું સતત એની સાથે રહીશ. પળે પળ એની પાસે રહીશ અને દુનિયાની બધીજ ખરાબ બાજુનું દર્શન કરાવીશ દુનિયાનો સ્વાર્થ, તિરસ્કાર, હાંસી બધાથી ઉપર ઉઠીને એ એક આદર્શ મા પુરવાર થશે. દુનિયામાં માનસિક ત્રાસ, મશ્કરી, હાંસી, તિરસ્કાર, સ્વાર્થ, માનવતાની હિંસા વગેરેની સામે થઈને પ્રેમ, ત્યાગ, સ્નેહ, પુરુષાર્થ, હિંમતથી જીતવાનું મારું કામ સારીકા કરી બતાવશે અને એથીજ એનો સાથ હું કોઈ દિવસ નહી છોડું. પરંતુ પ્રભુ એનું ધ્યાન રાખવાનું કામ કયા સંતને સોપું. પ્રભુએ સ્મીત સાથે જવાબ આપ્યો વત્સ એની કોઈ જરૂર નથી એ જયારે પણ દર્પણમાં જોશે ત્યારે એને એનામાં મારુંજ પ્રતિબિંબ દેખાશે. અને પ્રભુએ એ વિકલાંગ બાળકની સામે માતા તરીકે સારીકાના નામ ઉપર મહોર મારી દીધી.

આપણી આજુબાજુ નજર દોડાવીશું તો ખ્યાલ આવશે. દરેક વિકલાંગ બાળકની માતા કોઈ સામાન્ય માતા નથી હોતી. સાવ સામાન્ય સ્ત્રીને

ભગવાન પોતાનું કાર્ય સોપીજ ન શકે. આવી ત્રણ ચાર માતાઓને હું નજીકથી ઓળખું છું. આ બધી માતાઓએ આખું જીવન સંતાનો માટે ખર્ચી નાખ્યું છે. બાળક સાથે સતત સહવાસ, સતત વાતો, અઢળક પ્રેમ, એ એમનું શસ્ત્ર. મારું બાળક સ્પેશયલ છે એને સામાન્ય નહી પણ કંઈક અસામાન્ય બનાવવાનું ગાંડપણ, ભગવાન સાથે લડી લેવાનું જોશ. લોકોના તિરસ્કાર, માનસિક ત્રાસ સામે ઝઝુમવાની અને એનાથી પોતાના બાળકને બચાવવાની તૈયારી આ બધા ગુણ મેં આ સ્ત્રીઓમાં જોયા છે. એક છોકરાને આજે માતાના પ્રયત્નથી અમેરીકાની બેસ્ટ યુનિવર્સિટીમાં મેડીસીનમાં ઍડમિશન મળ્યું છે. બીજો કૉમ્પ્યુટરમાં માસ્ટર બની ગયો છે. અને ફક્ત ૧૬ વર્ષની ઉંમરે સૉફ્ટવર કંપની માટે પ્રોગ્રામ બનાવતો થઈ ગયોછે. બીજી માતાઓ હજી આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. તમે બધા પણ કોઈ ને કોઈ સારીકાને ઓળખતાજ હશો. એમની તરફ જોવાની એમના બાળકો તરફ જોવાની દ્રષ્ટી બદલવાની છે. પશ્ચિમના દેશોમાં દરેક જગ્યાએ વિકલાંગ લોકો માટે બધાજ પ્રકારની સગવડો આપવામાં આવે છે. તેઓની ગાડીનું પાર્કીંગ અલગ, બાથરૂમ અલગ, ક્યાંય પણ જાવ તેમની લાઈનો અલગ અને કેટલાયે બેની ફીટો સમાજ તરફથી આપવામાં આવે છે. લોકો પણ આવા લોકોને સહજરીતે સ્વીકારે છે. સહાનુભુતિ દેખાડે પણ દયા નહી. બિચારા તરીકે નહી પણ પોતાના જેવાજ સામાન્ય માનવ ગણીને વ્યવહાર કરે. સ્કુલમાં, કોલેજોમાં પણ તેઓનો સહજ સ્વીકાર થાય. એ બાળકના બાહ્ય દેખાવ નહી પણ આંતરીક સુજ, બુધ્ધિ અને સ્વભાવની કદર થાય. આપણેત્યાં હજી આવા બાળકોના લંગડો, કાણીઓ, ગાંડો જેવા ઉપનામ અપાઈ જાય છે. આવા બાળકોને મશ્કરી કે કુતુહલની દ્રષ્ટિએ નહીતો ઉપેક્ષાની દ્રષ્ટિએ જોવાય છે. ઘણા લોકો સુગથી નહી તો ડરથી આવા બાળકોથી દુર રહે છે. આપણી દ્રષ્ટિ બદલવાની જરૂર છે. જે લોકો પોતે સામાન્ય છે અથવા જેના બાળકો સામાન્ય છે તેઓએ ભગવાનનો આ બદલ ઉપકાર માનવો જોઈએ. અને ઉપર મુજબ ના વિશેષણો વાપર્યા વગર તેઓની સાથે પ્રેમાળ વ્યવહાર કરવો જોઈએ અને તેઓનો સહજ સ્વીકાર કરવો જોઈએ. ભગવાનના આવા ખાસ ખાસ બાળકોમાં અને તેઓની માતાઓ માં ભગવાનના દર્શન કરવા જોઈએ. કારણ કે એ સામાન્ય માતાઓ નથી. ભગવાન આવા બાળકો ફક્ત સ્પેશયલ માતાઓને જ આપે છે. આવી દરેક સ્પેશયલ માતાઓને મારા નમન.

**- નિખિલ પરીખ**

(સ્કુલોમાં પણ આવા બાળકો માટે સ્પેશીયલ બેનીફીટ નથી અપાતાં. હાલમાં સેન્ટ મેરી સ્કુલમાં એક માતાએ સ્કુલ સામે કેસ કર્યો છે. એના બાળકને ડીસફ્લેક્ષીયા નામનો રોગ છે. જેનાથી એને સામાન્ય બાળકો કરતાં સમજતાં અને પરીક્ષામાં લખતાં થોડી વાર લાગે છે આ માટે પરીક્ષામાં થોડો વધુ સમય પણ ન આપ્યો અને પેપર તપાસતાં પણ એના આ રોગને ધ્યાનમાં ન લઈને ફેલ કરવામાં આવ્યો. આવા બાળકો પ્રત્યે શાળાએ પણ શું સહાનુભુતિ દેખાડી ન શકે?)

# સમાજ મદદ માટે આગળ આવે છે

મુંબઈ માં પડેલ મુશળધાર વરસાદે ઘણી તબાહી કરી છે અને ઘણા ઘર તથાઘરવખરીને ખુબ નુકશાન થયું છે.

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ આ તકલીફમાં બાલાસિનોર દશાનીમાં કોમ ના પરિવારો માટે મદદરૂપ થવા આગળ આવે છે. આપણી કોમ ના કોઈ પણ પરિવારના ઘરમાં અથવા ધંધાકીય જગામાં વરસાદથી નુકશાન થયું હોય તો તે પરિવાર સમાજને તુરંત અંદાજીત નુકશાન ની રકમ સાથે અરજી કરી શકે છે. તેની યોગ્ય તપાસ કરી સમાજ બનતી રાહત આપવાની કોશીસ કરશે સમાજ તરફથી તુરંતજ રાહતની રકમ આપવમાં આવશે.

આ અંગે કોઈ પણ ખુલાસો કે પુછપરછ કરવી હોય તો નીચેની સંસ્થાના હોદેદારોને પુછીને અરજી કરી શકશે.

| | | |
|---|---|---|
| **શ્રી બાલાસિનોર પ્રગતિસમાજ** | : શ્રી વ્રજેશ ન. દેસાઈ | 📖 : ૨૨૦૧૦૨૫૩/૫૬૫૭૨૯૬૯ |
| **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ** | : શ્રી રજનીકાંત કા. કડકીયા (લટકારી) | 📖 :૫૬૧૬૦૭૭૧/૨૩૪૨૧૩૧૭ |
| **શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ** | : શ્રી પ્રવીણચંદ્ર મુ. પરીખ (બખલી) | 📖 :૨૩૬૭૬૦૯૧/૨૩૪૨૭૫૫૫ |
| **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** | : શ્રી અસીત ર. દેસાઈ | 📖 : ૨૩૮૬૯૮૨૧/૯૮૨૦૧૫૭૩૩૫ |

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજના નેજા હેઠળ સમાજના તથા અન્ય સંસ્થાના કાર્યકર્તાની એક સભા મુંબઈના મુશળધાર વરસાદ થી આપણી જ્ઞાતીના કુટુંબોને થયેલ નુકશાન બદલ રાહત આપવાના હેતુ થી મળી હતી. કુલ ૩૦ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. ચર્ચા વિચારણા બાદ નક્કી કર્યું હતું કે જે કુટુંબોને ઘરમાં નુકશાન થયું છે તે કુટુંબને રૂા.૧૦,૦૦૦/- ની રાહત તાતકાલીત રૂપે સમાજના કાર્યકર્તાઓ તેમની જરૂરીયત ને ધ્યાનમાં રાખી તુરંત આપશે ત્યાર બાદ તે કુટુંબ તેના થયેલા નુકશાનનોઅંદાજ આપશે તો સમાજ ને તેને મદદ આપવા સહાયરૂપ થશે સમાજજે કુટુંબને ઘરવખરી, અનાજ, વાસણો, ગેસ સ્ટવ જેવી રસોઈના સાધનો, રોજની જરૂરીયાત ગાદલા, તકીયા, ચાદર અને સ્કુલના વિદ્યાર્થીને નોટબુક, ટેક્સબુક, તેમજ સ્ટેશનરી ની જરૂરીયાત ને પહેલા ધ્યાન માં રાખી મદદ કરશે ત્યાર બાદ કુટુંબની આવેલી અરજી તેને થયેલ નુકશાન નો અંદાજ રાખી કુટુંબની આવક પ્રમાણે વધુ સહાય કરવાની કોશીશ કરશે આ વાતને રજુ થતા હાજર કાર્યકર્તાઓ એ પોતાનો ફાળો નોંધવ્યો હતો જે નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | ઓચ્છવલાલ જેઠાલાલ દેસાઈ (દેડકી) ટ્રસ્ટ | રૂા.૨૦૦૦૦ |
| ૨. | નવનીતલાલ સાંકરલાલ ધારીયા (માટલી) | રૂા.૧૦૦૦૦ |
| ૩. | નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) | રૂા.૧૦૦૦૦ |
| ૪. | રસીકલાલ સાંકરલાલ મોદી (દેવ) | રૂા.૧૦૦૦૦ |
| ૫. | રસીકલાલ ચુનીલાલ ધારીયા (દલાલ) | રૂા.૧૦૦૦૦ |
| ૬. | રસીકલાલ રમણલાલ કડકીયા | રૂા.૧૦૦૦૦ |
| ૭. | વ્રજેશ તથા જતીન નવનીતલાલ દેસાઈ | રૂા.૧૦૦૦૦ |
| ૮. | રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ (મેનપુરાવાળા) | રૂા.૧૦૦૦૦ |
| ૯. | મનહરલાલ ચુનીલાલ કડકીયા (મલમ) | રૂા.૧૦૦૦૦ |
| ૧૦. | કૌશીક કાંતીલાલ કડકીયા | રૂા.૧૦૦૦૦ |
| ૧૧. | યોગેશ રમણીકલાલ ધારીયા | રૂા.૧૦૦૦૦ |
| ૧૨. | રાજેન્દ્ર કીર્તનલાલ દેસાઈ | રૂા.૧૦૦૦૦ |
| ૧૩. | પંકજ કાંતીલાલ ધારીયા (લાબખા) | રૂા.૧૦૦૦૦ |
| ૧૪. | અરવીંદ ચીમનલાલ પરીખ | રૂા.૧૦૦૦૦ |
| ૧૫. | દક્ષેષ બાબુલાલ કડકીયા (લટકરી) | રૂા.૧૦૦૦૦ |
| ૧૬. | નવીનભાઈ શાહ (કલકત્તાવાળા) | રૂા.૧૦૦૦૦ |
| ૧૭. | રજનીભાઈ કાંતીલાલ કડકીયા (ધરીવાળા) | રૂા.૧૦૦૦૦ |
| ૧૮. | નવીનચંદ્ર રમણલાલ કચેરીયા | રૂા.૧૦૦૦૦ |
| ૧૯. | પ્રવીણચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) | રૂા.૫૦૦૦ |
| ૨૦. | રજનીકાંત કાંતીલાલ કડકીયા (લટકારી) | રૂા.૫૦૦૦ |
| ૨૧. | વસંતભાઈ શાંતીલાલ પરીખ (કુવાવાળા) | રૂા.૫૦૦૦ |
| ૨૨. | પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીયા (ખીસાદારી) | રૂા.૫૦૦૦ |
| ૨૩. | મુકેશ કાંતીલાલ શાહ | રૂા.૫૦૦૦ |
| ૨૪. | દીનેશ નટવરલાલ મોદી | રૂા.૫૦૦૦ |
| ૨૫. | મધુસુદન ભીખાલાલ કડકીયા | રૂા.૫૦૦૦ |
| ૨૬. | નીતીન બીપીન ગાંધી | રૂા.૫૦૦૦ |
| ૨૭. | કીરીટ રમણલાલ કડકીયા (મલમ) | રૂા.૫૦૦૦ |
| ૨૮. | વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન | રૂા.૫૦૦૦ |
| ૨૯. | સતીષ ભીખાલાલ પરીખ | રૂા.૨૫૦૦ |
| ૩૦. | રેખા કમલેશ કોઠારી | રૂા.૨૫૦૦ |
| ૩૧. | મીનલ નીતીન પરીખ | રૂા.૨૫૦૦ |

આપ સહુને અપીલ કરીયે છે કે આપ આપનો ફાળો આમા નોંધવી જેથી સમાજના તકલીફમાં આવી પડેલા કુટુંબોને વધુમાં વધુ મદદરૂપ થઈ શકાય.

*મંત્રી - શ્રી પંકજ ધારીયા, શ્રી ભદ્રેશ ધારીયા*

# ઈશ્વર જ્યારે અરજ ગુજારે છે

હાલમાં નાની ઉંમરમાં બે યુવાનો સંદીપ કડકીઆ, તથા મોનીશ શાહના મૃત્યુ થયા છે. તેઓના કુટુંબીજનો ને અર્પણ આ લખાણ.

સામાન્ય રીતે પ્રાર્થના દ્વારા ઈશ્વરને પ્રાર્થવામાં આવે છે, એમની પાસે શક્તિની માગણી કરવામાં આવે છે. પરંતુ એડગર એ ગેસ્ટની નવ કડીની રચના ટુ ઑલ પેરન્ટસ માં ઈશ્વર સર્વ માતપિતાને વિનંતી કરે છે અને એમનામાં વિશ્વાસ દાખવીને દુઃખ સહવાની શક્તિ પ્રેરે છે. સર્વ માતપિતાને સંબોધીને પ્રભુ કહે છે.

થોડા સમય માટે હું સોંપું છું મારું બાળ તમને, મારા વતી એનું જતન કરશોને ?

છ-સાત વર્ષ માટે હોય કે પછી બાવીસ વર્ષ માટે, મારી આ થાપણને જીવની જેમ સાચવશોને ?તમને પ્રસન્ન કરવા એ લાવશે એનું માધુર્ય અનેકદાચ, એનો સહવાસ રહે અલ્પ તો દિલાસારૂપે રહેશે એનાં મીઠાં સંભારણાં કાયમ માટે તો એ ત્યાં રહી શકશે નહિ, કારણ, પૃથ્વી પર અવતરેલાં સૌ પાછાં ફરે છે. નીચે ધરતી પર શિખવવામાં આવતા કેટલાક પાઠ મારે આ બાળને શીખવવા છે. સાચા શિક્ષકની શોધમાં જગત આખું હું ફરી વળ્યો અને સંસારની ભીડમાંથી મેં પસંદ કર્યા છે તમને. તો હવે, તમારા પ્રેમથી એને ભીંજવી દેશો ને ? રખે માનતા કે માવજત બધી એળે ગઈ... કે ન ધિક્કારશો મને જયારે હું એને પાછો લેવા આવું.

છેલ્લી ત્રણ કડીઓમાં ઈશ્વર કલ્પે છે કે માતપિતા એની વિનંતી સ્વીકારે છે. સુખનો ભંડાર લઈ આવનાર બાળક ખાતર વિષાદનું જોખમ વહોરવા તેઓ તૈયાર છે. આપ સૌ પણ ઈશ્વરને ધિક્કરશો નહી.

# દક્ષિણ ભારતની તીર્થયાત્રા (અંતિમ હપ્તો)

આ જગતમાં ભગવાન ભક્તો થકી પૂજાયા છે અને તેનો મહિમા ગાનાર પણ આ ભક્તો જ આથી આ સંતોના પગલાં જયાં પડયાં છે ત્યાં મંદિરની પવિત્રતા ઊભી થઈ છે. કવિ હરીન્દ્ર દવેએ આ ભાવ તેમના ગીતમાંસુંદર રીતે વણી લીધો છેઃ

*''જયાં ચરણ રુકે ત્યાં કાશી*
*ઝાકળના બિંદુમાં જોયો*
*ગંગાનો જળ રાશિ.*
*જયાં પાય ઊઠે ત્યાં રાજમાર્ગ, જયાં તરતો ત્યાં મહાસાગર,*
*જે ગમ ચાલું એ જ દિશા, મુજ ધ્રુવ વ્યાપે સચરાચર ;*
*થીર રહું તો સરકે ધરતી*
*હું તો નિત્ય પ્રવાસી - - -''*

વિશ્વની પરિક્રમા દ્વારા ''નિત્ય પ્રવાસી''નું બિરુદ પામેલા આવા સંતજનને કવિ બિરદાવે છે; તેમની તીર્થધામની યાત્રાથી આપણી ભૂમિ પવિત્ર બની છે. વાસ્તવમાં, વ્યાવહારિક શાણપણનું પડળ આંખ આડેથી હડસેલીને જીવનવિષયક ચિંતન કરવું અને નિસર્ગના ખોળામાં રહી જીવનનું સરવૈયુ મેળવવા પ્રયાસવું આનું નામ યાત્રા. આવી તીર્થજાત્રાથી ઊભા થયેલ સુંદર મંદિરના આ ભક્તિમય માહોલ વચ્ચે આપણો નિત્ય પ્રવાસ રામેશ્વર આગળ આવીને ઊભો છે. અહીં થી રામે ત્યાંની ધરતીમાંથી બનાવેલ સીતાદેવીના શિવ લિંગની પૂજા કરી હતી. રામભક્ત હનુમાન શિવલિંગ લાવવામાં મોડા પડતાં તેમની મૂર્તિની સ્થાપના બહાર અલગ સ્થળે કરી છે. આ સ્થળનો આવો મહિમા હોઈ અહીંનું રામનાથ સ્વામીનું મંદિર જગપ્રસિધ્ધ બન્યું છે. ચોપાસે દિવાલોથી કિલ્લો રચી આ મંદિરનું જળ ને શત્રુથી રક્ષણ કર્યું છે. વિશાળ વિસ્તારમાં વ્યાપેલો આ મંદિરનો પરિસર, તેમાં અનેક સ્તંભોવાળા મંડપો, બાવીસ પવિત્ર જળના કૂંડો તથા મધ્યમાં નટરાજની ભવ્ય તાંબાની મુર્તિની સ્થાપના વિ. છે. બહારના ભાગમાં શંખો, પ્રતિમાઓ, ભગવાનના ચિત્રો, માળાઓ તથા પૂજા માટેની સામગ્રીની કતારબંધ દુકાનો નજરે પડે છે. શ્રી રામનાથના ગર્ભગૃહની પાછળ માધવતીર્થ, સેતુ માધવ મંદિર, ગવાક્ષ, નલ, નીલ વિ. જેવાં મુખ્ય તીર્થો વસેલા છે. એક બાજુ રસોઈઘરમાં ભગવાનનો પ્રસાદ તૈયાર થાય છે. શ્રી રામનાથના મુખ્ય મંદિરની સામે વિશાળ કદની નંદીની જીભ બહાર લટકતી પ્રતિમા છે. દંતકથા મુજબ નાસ્તિકોને પરચો બતાવવા આવી મુર્તિના દર્શન અત્રે કરાવ્યાં છે. અહીં તથા નવશક્તિ મંડપોમાં અલગ-અલગ ધ્વજસ્તંભો જોવા મળે છે. રાત્રે આવીને અમે આ મંદિરની પ્રથમ પ્રદક્ષિણા કરી ને અહીંના ગાઈડ પાસેથી તેનો ઈતિહાસ જાણ્યો. બીજી સવારે પાંચ વાગે ખાસ મણીના દર્શન કરવા ફરીને આવ્યા. ત્યાંથી સૌ કુંડોના પવિત્ર જળમાં સ્નાન કરવા ગયા. દરિયાકાંઠે આ મંદિર આવેલું હોઈ તેનું ઘણું માહાત્મ્ય છે. સૌએ સમુદ્રદેવની પૂજાવિધિ પણ કરી. રસ્તામાં આદિ શંકરાચાર્યનું મંદિર આવે છે. તેમાં ભારત ભરના બાર જયોતિર લિંગમાંનું એક જયોતિર લિંગ જોવા મળ્યું. પછી અમે રિક્ષા કરી દૂર ટેકરી પર આવેલ રામની પાદુકા ધરાવતાં મંદિરના દર્શન કર્યા. અહીંથી કુદકો મારી રામભક્ત હનુમાન લંકા ગયા હતા, એવી લોકવાયકા છે. રામેશ્વરમાં કોદન્ડરાજજીનું મંદિર મુખ્ય સ્થળથી પાંચેક માઈલ દૂર આવેલું છે, જયાં રામનું શરણ વિભીષણે લીધું હતું. દેવી પટ્ટણમમાં નવ ગ્રહોની મૂર્તિઓની સ્થાપના કરેલી છે, જે મૂળ સ્થળથી ૨૦ કી. મી. દૂર છે. અહીં મા ભગવતીએ મહિસાસુરનો વધ કર્યો હતો, એવી માન્યતા છે.

રામેશ્વરની તીર્થયાત્રા પૂરી કરી અમે મદુરાઈ જવા રવાના થયા. ચાર-પાંચ કલાકનો બસ-રસ્તો ભજનોની રમઝટ વચ્ચેજોતજોતામાં અમે પસાર કર્યો. રાત્રે મદુરા હોટેલ પર પહોંચ્યા. તામિલ સંસ્કૃતિનું આ મુખ્ય મથક વેંગાઈ નદી પર આવેલ આ નગરમાં બારમી સદીમાં પાંડય રાજાએ જગવિખ્યાત મીનાક્ષી મંદિર ઊભું કર્યું. અહીં પાંડય રાજકુંવરી-શક્તિનો અવતાર-ભગવાન શંકર સાથે જોડાઈ. પરિણામે શિવે ૬૪ ચમત્કારો તેના ભક્તો માટે અહીં પ્રયોજયા. આ મંદિરમાં નવ માળના ટાવરો તેરથી સોળમી સદીમાં તૈયાર થયા. નાયક રાજાઓએ તમાં ઊંડો રસ લઈ પછી સ્થાપત્યો સર્જયા. સન ૧૮૭૭ માં તેનો જિર્ણોધ્ધર થયો. આવો ભાતિગળ છે તેનો ઈતિહાસ અમે નાસ્તો પતાવી સવારે આ મંદિરના દર્શને આવ્યા. પૂર્વના પ્રવેશદ્વારથી અષ્ટશક્તિ મંડપમાં દાખલ થતાં પ્રથમ દેવી મીનાક્ષીના-પાર્વતીનો અવતાર, દર્શન કરી પછી પ્રભુ સુંદરેશ્વરના-શિવના મંદિરમાં જવાય છે. આ અષ્ટશક્તિ મંડપમાં પથ્થરો પર દેવી મીનાક્ષીના લગ્નની પ્રતિમાઓ કંડારી છે. શ્રી ગણેશ તથા શ્રી સુબ્રમન્યમ્‌ની મૂર્તિઓ માની આજુબાજુમાં ગોઠવેલી છે. તિરુવિલાયદલ પુરાણોમાંથી તેના થાંભલાઓ પર અષ્ટશક્તિના શિલ્પો કંડાર્યા છે તથા દિવાલો સુંદર કથાત્મક ચિત્રોથી શણગારી છે. ચાર શિવપંથી સંતોની પ્રતિમાઓથી પૂર્વ દિશાનો મંડપ શોભી રહ્યો છે. મીનાક્ષી નિકેતન મંડપમાં, છ સમાંતર લાઈનોમાં પથ્થરના થાંભલાઓ પર યેલીઝ પશુના શિલ્પો કંડાર્યા છે, જે અહીંની વિશેષતા છે. અહીં ભીલડી સ્વરુપે શિવ-પાર્વતીના દર્શન થાય છે. પશ્ચિમદ્વારે ૧૦૦૮ પિત્તળની દીવડીઓ મંદિરને શોભાવી રહી છે. આ પછીના મંડપમાં ઋષિ પત્નીઓની પ્રતિમાઓ કંડારેલી છે. ડાર્ક મંડપ પૂરો થતાં સોનાના કમળનું તળાવ આવે છે, જયાં ઈન્દ્રે સ્નાન કરેલું એવી પૌરાણિક કથા છે. આ સરોવરની ચોપાસે વિશાળ કોરીડોર છે, જેની ઉત્તર તરફ ૨૪ કવિઓની પ્રતિમાઓ જોવા મળે છે. પૂર્વ તરફથી મીનાક્ષી મંદિરનો સુવર્ણ ઘુમ્મટ દેખાય છે તથા તેની મારબલની દિવાલો પર તિરુકુરલના શ્લોકો ટાંકયા છે. સરોવરની પશ્ચિમે અંજાલ મંડપ છે, જયાં શિવ-પાર્વતીની સોનાની પ્રતિમાઓની દર શુક્રવારે પૂજા થાય છે. પ્રભુ મુરુગાના છ મંદિરોના ભિંતચિત્રો અહીં ની વિશેષતા છે. આ મંડપમાંથી બહાર આવતા પોપટના પિંજરાઓ છે ત્યાં પાંડવો, વાલી-સુગ્રીવ તથા દ્રૌપદીના શિલ્પો ગોઠવેલાં છે. આ લગ્નમંડપ મીનાક્ષીદેવીની લગ્નવિધિના ચિત્રોથી શોભી ઊઠે છે. તેની છતમાં મુરાલના ચિત્રો દોર્યા છે. ત્રણ માળના પ્રવેશદ્વારથી મૂળ મીનાક્ષીદેવીના મંદિરમાં પ્રવેશ મળે છે. બહારની બાજુ સોનાનો ધ્વજ ફરકે છે. અહીં આવેલા સહસ્ત્ર થાંભલાઓના મંડપો તે જમાનાની જાહોજહાલી તથા ઉન્નત કળા-કારીગરીના સાક્ષી છે. વચમાં નટરાજની ભવ્ય મૂર્તિની આસપાસ મીનાક્ષી-મ્યુઝિયમ આવેલું છે, જે શિલ્પો, કોતરકામની તથા સુંદર ચિત્રોથી આગવી ભાત પાડે છે. આવો અદ્‌ભુત તેનો મહિમા હોઈ દક્ષિણ ભારતમાં તીર્થધામોમાં તેનું આગવું મહત્વ છે. વળી મદુરાઈ તહેવારોનું શહેર છે. પ્રત્યેક મહિને કોઈને કોઈ ઉત્સવ ત્યાં ઉજવાય છે.

મદુરાઈથી આઠ કલાક બસની મુસાફરી કરી અમે કન્યાકુમારી આવ્યા. ભારતની ધરતીનો તે છેડો. દુનિયાના સૌન્દર્યધામોમાં તેની ગણના થાય છે. કુદરત અહીં છૂટા હાથે સૌન્દર્યની લ્હાણ કરી છે. તેના સમુદ્રતટે ઊભા રહીને બંગાળના ઉપસાગર પરથી સુર્યોદય તથા અરબી મહાસાગરમાં સુર્યાસ્ત જોવાનો જીવનનો એક લ્હાવો છે. કન્યાકુમારીનું યાત્રાધામ તરીકે પણ ખુબ મહત્વ છે. વિશેષમાં, અહીં ત્રણ મહાસાગરોનો સંગમ થતો હોઈ, તેના અલગ વહેણો જોવા દેશપરદેશના પ્રવાસીઓ અત્રે આવે છે. રાષ્ટ્રપિતા ગાંધીના અહીં

કરાયેલા અસ્થિ વિસર્જનની સ્મૃતિમાં બંધાયેલ ગાંધી-મંદિર તેમજ સ્વામી વિવેકાનંદના સ્મારકનો રોક જોવા યાત્રિકોનો સંઘ આવે છે. તે સાથે આ રોકની પડોશમાં આવેલ અહીંના સંત કવિ તિરુવલ્લોવરની ભવ્ય પ્રતિમાથી શોભતો અલગ ટાપુ પણ આકર્ષણનું કેન્દ્ર છે. અમે પ્રભાતના સુર્યોદયના દર્શન કરી, નાસ્તાપાણી પતાવી, પ્રથમ સ્વામી વિવેકાનંદ રોક જોવા ગયા. ત્રણ મહાસાગરોની મધ્યમાં ને સમુદ્રતટથી આશરે ૪૫૦ વાર દૂર આવેલો ૩ એકર લાંબો ને ૫૫ ફૂટ ઊંચો આ ખડક મૂળે શ્રીપાદ પરાઈ થી ઓળખાતો હતો. ૧૮૯૨ ની સાલમાં સ્વામી વિવેકાનંદ હિમાલયની લાંબી યાત્રા કરી અહીં આવ્યા ને આ ખડક પર બેસીને ધ્યાનમગ્ન બન્યા અને પરમ ચૈતન્ય લાધ્યું. આથી ૧૯૬૨ માં વિવેકાનંદ શતાબ્દિની ઉજવણીરુપે આ ખડક પર રૂા.૮૫ લાખના ખર્ચે સ્વામીજીનું પૂરા કદનું સ્મારક ઊભૂં થયું. આ સ્મારકનું પ્રવેશદ્વાર અજંતા-ઈલોરા ગુફાઓની પ્રખ્યાત મૂર્તિઓની પ્રતિકૃતિ વડે સુશોભિત છે. ઘુમ્મટ નીચેના ખંડમાં સ્વામી વિવેકાનંદનૂ પરિવાજક મુદ્રામાં કાંસાનું પૂતળું છે. મુખ્ય હોલની પડોશમાં ધ્યાન મંડપ છે. જયાં ભક્તો શાંતિથી બેસી મનને એકાગ્ર કરે છે. દેવી કુમારીના પાદચિહ્ન પર ૨૦ ફૂટ ઊંચી શ્રીપાદની પ્રતિમાં બાંધવામાં આવી છે. આ સ્મારકનુ ઉદ્‌ઘાટન ૧૯૭૦ માં તત્કાલિન રાષ્ટ્રપતિ વી. વી. ગિરિએ કર્યું હતું. એક બાજુ રામકૃષ્ણ મિશનના પુસ્તકો તથા ફોટા અને પ્રતિમાઓનું વિક્રિ-કેન્દ્ર છે.

ત્યાંથી બોટમાં પડોશમાં આવેલ બેટ પર આવ્યા. બે હજાર વર્ષ પૂર્વે થઈ ગયેલ તામિલના મહાન સંત કવિ તિરુવલ્લુવરનું ભવ્ય સ્મારક અહીં ઊભું કરી તામિલ સંસ્કૃતિનો બુલંદી અવાજ ગાજતો કર્યો છે. તેમણે રચેલ તિરુકુરલ, ભારતનો અત્યંત મહત્વનો પવિત્ર ગ્રંથ ગણાય. તેમાં ધર્મ, કામ, અર્થ ને મોક્ષના વિચારો તથા રાજકારણની સમસ્યાઓ વણી લઈ સુંદર અભિવ્યકિત કરી છે. તેમાં મુખ્ય ત્રણ વિભાગો છે સદ્‌ગુણો, વિત્ત અને પ્રેમ આવો ગ્રંથ સર્જી આ ઋષિએ આપણા પર બહુ મોટો ઉપકાર કર્યો છે.

બપોરના લંચ પછી અમે દેવી કન્યાકુમારીના મંદિરે ગયા. સમુદ્રતટે આવેલું આ મહિમાવન્તું દેવીનું મંદિર તેના પરની આસ્થા ને દીપમાળાઓ વચ્ચે શોભતી તેની સુંદર પ્રતિમાના કારણે શ્રધ્ધેય સ્થાન બન્યું છે. અત્રે ઘણાં પવિત્ર સ્નાનઘાટ છે, જયાં આત્મશુધ્ધિ માટે લોકો સ્નાન કરે છે. સાચા પશ્ચાતાપ સાથે તીર્થક્ષેત્રોમાં સ્નાન કરવાથી યાત્રાળુના બધા પાપોના નાશ થાય છે. આ પશ્ચાતાપ એટલે પાપોની સાચી કબુલાત અને તેનું પુનરાવર્તન ના થાય તેનો દ્રઢ સંકલ્પ. મૂળે અહીં પાંડય રાજાઓનું શાસન હતું અને તેમની આ કુળદેવી હોઈ તેનું ગૌરવ ને મહત્ત્વ વધારે. આવા સુંદર સ્થળે હજી જુની-પુરાણી ને આધુનિક સંદર્ભમાં અર્થહિન પ્રણાલિકા ચુસ્તપણે જળવાઈ રહી છે, તે જોઈ નવાઈ લાગી. આ તથા અહીંના હનુમાનના મંદિરમાં પુરુષો માત્ર લૂંગી પહેરીને જ આ મંદિરમાં પ્રવેશી શકે ને દર્શન કરી શકે. બહેનો માટે કોઈ નિષેધ નહિ. આવી પ્રથાના કારણે આપણે દેશપરદેશના પ્રવાસીઓને આવતા ને પૂજા-પાઠ કરતા માત્ર રોકતા જ નથી પણ તેમનામાં ઘૃણા પેદા કરીએ છીએ. આ નગ્ન સત્ય ત્યાંના ટ્રસ્ટીઓ ને પૂજારીઓ સમજે તે સૌના હિતમાં છે અને દેશને તેથી નવી આવક મળશે.

કન્યાકુમારી બે રાત રોકાઈ પછી બસમાં અમે કોચીન જવા રવાના થયા. કેરળ રાજયનું તે અગત્યનું બંદર. નારિયેલીની વનરાજીને કારણે આ મલબારનો હરિયાળો પ્રદેશ તેના કુદરતી સૌન્દર્ય માટે જાણીતો છે. કાથી તથા મરી-મસાલા ને નારિયેલ તેની મુખ્ય પેદાશ. અહીંના બે દિવસના મુકામની સઘળી જવાબદારી ત્યાંના વાડાસિનોર-નિવાસી શ્રી

જીતેન્દ્રભાઈએ લીધી હતી. તેમની ઉત્તમ મહેમાનગીરી અને પ્રેમસભર સરભરાએ સૌના દિલ જીતી લીધાં. શહેર દર્શનમાં બોટીંગ કરી ત્યાંના પુરાણા ચર્ચની મુલાકાત લીધી. અહીં અમે ખાસ વાસ્કોડિગામાની કબર જોઈ. બપોરે લંચ પછી કેટલાકે આરામ લીધો, શ્રધ્ધાળુજનો ત્યાંના સુપ્રસિધ્ધ મંદિરે ગયા અને મારા જેવા શંકરાચાર્યના ભક્ત શહેરથી દૂર આવેલ કાલડીના પવિત્ર સ્થળે ગાડીમાં ગયા. આદિ શંકરની તે જન્મભૂમિ. ચોમેર પ્રકૃતિની વચ્ચે, નદીના કિનારે શંકરાચાર્યનું મંદિર અહીં ઊભું કર્યુ છે. તેમની માતાને અહીં અગ્નિદાહ દીધો હતો. પડોશમાં વેદશાળા ચાલતી હતી. આટલી સુંદર ને પવિત્ર જગ્યા, જોવા-માણવા જેવી હોવા છતાં અહીં શંકરનું ઉત્તમ સાહિત્ય વિક્રિ-કેન્દ્ર કે કોઈ ગિફ્ટ શોપ યા અતિથિગૃહ કે સારી રેસ્ટોરંટ ના જોઈ, આથી ખેદ થયો. બીજે દિવસે રવિવાર હોવા છતાં ત્યાંની બજાર જોવા મનને ના રોકી શકાયું. વર્ષો પૂર્વે અહીં આવેલો તેનું સ્મરણ તાજું થયું. જમાના સાથે બધું બદલાતું રહે છે, તેની અહીં પ્રતીતિ થઈ. અમારી યાત્રાનું આ આખરી સ્થળ હતું. અહીંથી રેલ્વે મારફતે મુંબઈ પાછા ફરી રહ્યા હતા. આ પ્રવાસના અંત વેળા સૌના મુખ પર ભક્તિ સાથે પ્રસાદીમાં મળેલ પ્રસન્નતા વર્તાતી હતી. આ જ તો સફળ જાત્રાની ઉત્તમ ફળશ્રુતિ ગણાય! આ પ્રવાસની સમાપ્તિ સાથે ગાથા પણ સમેટતી વેળા મન સહજ ચકરાવે ચડયું. આપણે સાચું તીર્થસ્થળ કોને કહીંશું? મન જયાં આગળ પ્રભુ સાથે જોડાય, તે જ હકીકતમાં ખરું તીર્થસ્થળ કહેવાય. પછી તે ભૂમિ પર પ્રભુએ જન્મ લીધો હોય, તેમણે પગલાં પાડયાં હોય કે પોતાનું અવતાર કાર્ય કર્યુ હોય. જયાં પણ તેમના વિચારોની મ્હેક પ્રસરેલી હોય તે સ્થળ તીર્થધામ બની જાય છે. આથી એક ભાવગીતમાં ગાયું છે.

*''ધ્યાન ધરતાં કોઈને વિક્ષેપ ના કદી થાય છે*
*હૈયું બને હસતું અને મન-મલિનતા ધોવાય છે*
*ખીલે પ્રભુ જયાં પ્રેમથી,*
*મંદિર એ જ ગણાય છે.''*

આવા તીર્થધામોની યાત્રા પવિત્ર અંતકરણ, પવિત્ર હેતુ, પવિત્ર વિચારો ને પવિત્ર વૃત્તિ સાથેકરીએ તો પ્રભુ મિલન અશકય નથી, એવો ઉન્નત ભાવ આમાંથી ફલિત થતો હતો. સૌના હ્રદયમાં વસેલ ઈશ્વરને રામરામ કરી આવી યાત્રા ભાવીમાં પણ થતી રહે એ શુભભાવના સાથે આપણે અહીં વિરામશું.

*રજૂકર્તા : ભગેશ કડકિયા.*




# ગણિત આંગળીના વેઢે




- નિમિષા કીરણ પરીખ

It was been proved by research that the students knowing all the steps clearly fail to secure good marks due to silly mistake in calculation. Vedic Mathematics provides the student with a tried and tested method of solving problems where chances of silly mistakes are minimized. Students knowing mathematics will be able to cross check the answers mentally and will be able to avoid the trap. Students will be able to solve their math paper in much less than the allocated time because of this being faster than the conventional method.

To check a calculation, we use substitute numbers instead of the real numbers we were working with. Let's try an example. Let us say we have just calculated 13 times 14 and got an answer of 182. We want to check our answer.

13 x 14 = 182

the first number is 13 we add its digits together to get the substitute.

1 + 3 = 4. 4 becomes our substitute for 13.

The next number we are working with is 14. to find its substitute we add its digits.

1 + 4 = 5. 5 is our substitute for 14.

We now do the original calculation using the substitute numbers instead of the original numbers. 4 x 5 = 20. 20 is a two digit number so we add its digits together to get our check answer. 2 + 0 = 2. 2 is our check answer.

If we have the right answer in our calculation with the original numbers, the digits in the real answer will add up to the same as our check answer.

We add the digits of the original answer 182

1 + 8 + 2 = 11

eleven is two digit number so we add its digits together to get a one digit answer.

1 + 1 = 2. 2 is our substitute answer. This is the same as our check answer. so our original answer is correct.

Let's try it again, this time using 13 x 15

13 x 15 = 195

13 → 1 + 3 = 4 (substitute for 13)

15 → 1 + 5 = 6 (substitute for 15) 4 x 6 = 24, 24 is two digit number so we add its digits. 2 + 4 = 6, 6 is our check answer.

now to find out if we have the correct answer, we check this against our real answer, 195

1 + 9 + 5 = 15, bring 15 to a one digit number, 1 + 5 = 6

six is what we got for our check answer so we can be confident we didn't make a mistake.

There is another shortcut to this procedure. If we find a 9 anywhere in the calculation, we cross it our. With the previous answer, 195 instead of adding 1+ 9 + 5, we could cross out the 9 and just add 1 + 5 = 6. This makes no difference to the answer, but it saves some work and time.

What about the answer to the first problem we solved, 182?

We added 1 + 8 + 2 to get 11, then added 1 + 1 to get our final check answer of 2. in 182, we have two digits that add up to 9, the 1 and the 8, cross them out and you just have the 2 left. No more work at all to do !

Let's try it again to get the idea of how it works.
167 x 346 = 57,782

167 → 1 + 6 + 7 = 14, 1 + 4 = 5
there were no short cut with the first number. Five is our substitute for 167.

346 → 3 + 4 + 6 we immediatesly see that 3 + 6 = 9, so we cross out the 3 and the 6. that just leaves us our substitute for 346.
Can we find any nines or digits adding up to 9 in the answer ? yes, 7 + 2 = 9, so we cross them out. We add the other digits, 5+7+8=20, 2 + 0 = 2. 2 is our substitute answer.
We write substitute answer like this
1 6 7 x 3 4 6 = 5 7 7 8 2 (1+6+7=14, 1+4=5)x4=(5+7+8=20, 2+0=2)
5 x 4 = 2
did we get the right answer ? try for yourself.
456 x 831 = 368936, 135 x 83615 = 11288025

We can use our strategy of casting out nines for checking answers of division problems. For example, if we want to check that 42 divide by 2 equals 21, you could cast our nines. Firstly, we need to generate substitute numbers.
42 / 2 = 21
6 / 2 = 3 this check is straight forward and need no special explanation. but how about the following problem ?
161 / 7 = 23 (1+6+1+=8) / (7) = (2+3=5)
8 / 7 = 5
an easy way to check divisin is to multiply the answer by the divisor to give the original number being divided. So we can write the problems thus.
8 = 5 x 7 or 7 x 5 = 8
is this correct ?
5 x 7 = 35 and 3 + 5 = 8
yes our answer is correct.
What if we are checking an answer with a remainder ? How would we check the following problem ?
165 / 7 = 23 R 4
When casting out nines for division problems, we rewrite the calculation as a multiplication, but what to do with the ramainder ?
We write it as 23 x 7 = 165 - 4.
We substract the remainder from the number we divided. That is because we had a remainder of 4 after we divided the number. If the number had been smaller by 4 we would not have had a remainder.
Using substitute numbers, the equations becomes
5 x 7 = 3 - 4
the remainder 4 is greater than the answer 3, so either subtract from first 163 - 4 = 161 or add 9 to the number we are subtracting from. Either way, we end up with
5 x 7 = 8, 35 = 8, 8 = 8 so our answer is correct.
However, there is an important note :-

You can not cast out the nines to check a division problem when the answer is rounded off to a specified number of decimal places. Casting nines can only be used to check exact answer.
Check these problems for yourself by casting nines.
248746 / 721 = 345 R =1
36579 / 137 = 267

# શ્રી કૃષ્ણ જીવનનો સંદેશ



- ઉષા એ. ધારીયા

શ્રી કૃષ્ણ, કંઈ કેટલાય નામો !! અજર., અમર, નિત્ય, નિરંજન, સગુણ, સાકાર, પરમ પરમેશ્વર, એમનું જીવન, એમનો આપેલો ગીતાનો સંદેશ આ પાવન સંદેશ તો જીવનમાં જે ઉતારે એમું જીવન ધન્ય જ થઈ જાય. કૃષ્ણ અજન્મા છે, અને છતાંય ''ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામી યુગે યુગે'' દેવકીની કુખે જન્મ લીધો અને તે પણ જેલમાં અને માતા જશોદાજી પાલક માતાના હાથે એમનો ઉછેર થયો. આ આપણા માનવી જીવનનો મોટો સંદેશ આપી જાય છે. જે સ્ત્રી માતા ન બની શકે સંજોગવશાત યા તેમના બાળકો પ્રભુને પ્યારા થઈ જાય, પરંતુ આપણે એક યા બે બાળકને દત્તક લઈએ, એડોપ્ટ કરીએ કે ગોદ લઈએ ને પાલક માતા બની બાળકોને સારી અને સંસ્કારી રીતે લાડકોડથી ઉછેરી, એ ફેંકાયેલા ફૂલોને અપનાવી જીવનભરની પૂણ્યાઈને મેળવી લેવાય. સોનુ કા લોઢુ તપે અને જે ઘાટ જે સાંચામાં ઢાળીએ એ જ ઘાટ અને આકાર પામે એવી રીતે આપણા ઘરમાં એ બાળકને કુમળા છોડને કેળવણી, સંસ્કાર, સ્નેહ આપીએ તો એક સુંદર જીવન પામે. ક્યારે આપણા જ પેટના બાળકો અસંસ્કારી, અધર્મી બની દુરાચારી બને તો તમે જોતાં જ રહી જશો, એમાં અપવાદ નથી. માટે શ્રીકૃષ્ણના જીવનમાંનો આ પહેલો સંદેશ કે તમે એકાદ અનાથ, ફેંકાયેલા ફૂલને બાળકને તમારા બાગનું મહેકતું ખીલતું રમતું ફૂલ બનાવો. સુસંસ્કાર, સ્નેહથી કેળવી એક જીવનને પનપતુ કરો, તમે પણ એ આનંદ સાગરમાં રમમાણ થાવ, પાલક માતા બનીને, હવે બીજો સંદેશ કે કામ કોઈપણ કરી શકાય. એમને તો 'વડો રે ગોવાળિયો કોણ થાશે, તુજ વિના ધેનમાં કોણ જાશે' ગાયોના ચરવૈયા બની, વહેલી સવારે ઉઠી ખભે કામળી અને હાથમાં લાકડી લઈ ગાયો ચરાવી હતી. આપણા જીવનમાં પણ કામ કોઈ નાનું નથી એ સિધ્ધાંત અપનાવવાનું સૂચન છે. વળી બીજો સંદેશ સાથે એ પણ આપે છે કે ગરીબ ગોવાળિયાની અને સુદામાની દોસ્તી અને એ પણ એવી દોસ્તી કે જેની મિસાલ આપી શકાય. વળી એ ગોવાળ માટે છાનુ છાનુ માખણ ચૂરાવતાં આ સંદેશનું તારણ છે કે આપણી આજુબાજુના ગરીબ બાળકો માટે તમે પણ બની શકે એવી મદદકર્તા બનો, બાળકોની ફી, યુનીફોર્મ, નોટબુકો, પેન્સિલ, લંચ બોક્સ, વોટર બોટલ, રૂમાલો આપી મદદરૂપ થાવ અને એ ફક્ત નાત પુરતુ સીમિત ન રાખતાં, બધાં જ બાળકો, પ્રભુજીની દેણ છે એ વિચારો. જ્યાં જીવન છે ત્યાં જ ભગવાન છે. માટે આજુબાજુની દુનિયામાં ડોકિયું કરો, નાસ્તા પાણીથી માંડી બધી જ રીતના મદદકર્તા બની શકો અને એ સંદેશને વાંચવાનો છે આપણા વ્હાલા શ્રીકૃષ્ણના જીવનમાંથી.

અર્જુનના રથના સારથી બન્યા હતા. મહાભારતની લડાઈમાં અને એ જ રીતીએ તેઓશ્રી આપણા જીવન રથના સારથી જ છે. 'ગાડા તળે કુતરુ ચાલે અને તેને તો એમ જ હોય કે ગાડુ હું જ હાંકુ છું.' તેવું જ આપણા સર્વેનું છે. આપણે પણ આજ અજ્ઞાનને વાગોળિયે છીએ કે આપણે જ આપણુ જીવન રથનું ગાડુ હંકારીએ છીએ. એ નર્યુ અજ્ઞાન જ છે. કર્તા તો આપણો કિરતાર છે અને એ છે આપણો વ્હાલો કનૈયો, વળી ગોપીઓની છેડ છાડ, ઠિઠાઈ એટલે કે જીવનમાં મીઠી મજાક મસ્તી અને આનંદને પ્રાધાન્ય આપો.

પ્રભુની રાસલીલા એ તો કંઈક અનેરો જ સંદેશ

આપે છે. રાસલીલીમાં એક એક ગોપી, એક એક કાનજી. કાનુડો બધાની સાથે છે. તમારી પણ સાથે જ છે. તમારી અંદર છે. નજદીક છે અને ઓળખવાની જ ફક્ત જરૂરત છે અને એ વ્હાલો કાનુડો આપણી પાસે જ હોય તો આપણું જીવન, આચાર, વિચાર કેવા હોય એ આપણે જ વિચારવાનું છે. જેમ પતિના નામનું મંગળસૂત્ર અને ચૂડી ચાંદલો આપણે કરીએ છીએ તો પ્રભુજીના નામની કંઠી અને તિલક આપણે અપનાવેલું છે અને કંઠી તો પ્રભુજીનું પ્રતીક જ છે અને વળી આપણે પુષ્ટિમાર્ગી વૈષ્ણવો. તમારા ગળામાંથી દારૂનું સેવન માસનું સેવન તથા અસ્લીલ ગાળો કેમ કરીને કરી શકાય. તમારા બાળકો, વરજીઓ અને આજની ભદ્ર સમાજના સેવાભાવી ઘરની બાળાઓ નોનવેજ અને હોટ ડ્રીંકસનું સેવન કરે એને શું સમજશો ? ક્રિશ્ચનો, મુસલમાનો, જૈનો બધાં જ પોતાનો ધર્મ પોતાની રીતે કરતાં હોય છે. ક્રિશ્ચનો દર રવિવારે ચર્ચમાં નાના મોટા સર્વે જાય. કેન્ડલ જલાવી પ્રાર્થના કરે. મુસલમાનો દિવસમાં એક વારથી માડી પાંચ વાર નમાજ પઢતાં હોય છે અને એટલે એ લોકો દારૂનું સેવન બીલકુલ જ ન કરે. વળી સ્ત્રીઓ પણ ઘરમાં નમાજ પઢે અને જૈનો તો અપવાસ, એકાસણા, માસ ખમણ, અઠાઈ, અઠ્ઠમ કરતાં હોય છે. પર્યુષણ પર્વમાં લીલોતરી નથી ખાતાં અને રોજ નાના મોટાં સર્વે દેરાસરમાં જાય અને નવકાર મંત્ર બોલે. આમ તો ગામ હોય ત્યાં ઢેઢવાડો તો હોય છે. આ લખવાનું પ્રયોજન એટલું કે આપણો પુષ્ટિમાર્ગી ભદ્ર સમાજ 'જે જે શ્રી ગોકુલેશ'ના પવિત્ર મંત્રના ઉચ્ચારણ સાથે કંઠી, તિલકને અપનાવ્યા પછી કંઈ ગર્તામાં ધકેલાઈ રહ્યા છે. ઘરવાળી બહારવાળીના સોપાન ચડતાં થયા છે અને આ મદિરાની સંગે આવેલું દૂષણ છે. એમાં કોઈ અપવાદ નથી રહેતો. આપણી બેન બેટીઓની ઉપર આવી 'સોત' આવે તો ? બોટલ અને બાયડી, પછી ઘરવાળી કે બહારવાળી એ ઘરની લક્ષ્મી બહાર ગાયબ એટલે કે વાડી વજીફા વેડફાઈ જાય છે અને આવા તો કંઈક પરિણામો આપણે નિહાળીએ છીએ. પ્રભુજીનું માન ન જળવાય ત્યાંથી લક્ષ્મીજીના રૂસણાં થઈ જાય છે. નાણે નાથાલાલનું નામ ગામની ચર્ચાનો વિષય બને છે. જાણીબુઝી કોઈ વિષ્ટા ખાય નહી. તો માંસ મદિરાનું સેવન કઈ રીતે કરી શકે ?

દાદીઓ ચૂસ્ત સેવાભાવી અને પોતીઓ નોનવેજ બહાર ખાઈ આવે. આ કંઈ ગળથૂથીમાંથી આચરણ નથી હોતું તેના પરની મોર્ડનતા. અસંસ્કારીતાની ધૂળ જ ખંખેરવાની હોય છે. દરેક વ્યક્તિમાત્રમાં આસ્થા અને સંસ્કાર ઉંડે ઉંડે દટાયેલાં જ હોય છે. આ ધૂળ ખંખેરવા અહિંસક લડાઈ ચાલુ રાખો, જીત તમારી જ થશે. પૂજ્ય મહાત્મા ગાંધીનું હથિયાર સત્યાગ્રહની લડતથી અસંસ્કારીતાને ઝાંટકી નાંખો.

દ્રોપદીએ જ્યારે પોતાની જ સાડી ફાડી શ્રીકૃષ્ણની આંગળીએ પાટો બાંધ્યો અને પ્રભુએ જ્યારે દ્રોપદીની ચીર ખેંચાતા, ચીર પૂર્યા આમ પ્રભુને જે અર્પણ કરો એ તમને 'એક હાથે લેતું દૂજે હાથ દેતુ' વ્યાજ સાથે પાછું વાળે છે પણ પ્રેમ સાચો અને નિર્મળ હોવો જરૂરી છે. આ સંદેશમાં લાબું ગુંથાયા હવે આગળ વધીએ ગીતાજીનો સંદેશ પણ આપણને આજ શીખવે છે. કર્મ કરે જાવ ફળની ઈચ્છા વિના. પંચભૂતનું બનેલું આ શરીર. પંચેન્દ્રિયથી પરમેશ્વરને પૂજો. રોજ સવારે ઉઠીને કોઈ એક કામ સારું થાય તમારા હાથે એવી ધારણા રાખો. રાત પડે વિચારો એનો અમલ થયો કે નહી. મનુષ્ય અવતાર વારેવારે મળતો નથી. આપણી જ આંખ સમક્ષ આપણે મુંગા જીવો જેમને વાચા નથી એ બધાને જુઓ કાગડા, કૂતરા કે ડુક્કર

એમને નહી તો ગરીબ, લાચાર, બિમારને જુઓ. પ્રભુએ આપણે નખશીખ પૂર્ણતા ધનનો વૈભવ, ઠાઠ માઠ સર્વે કાંઈ આપ્યું છે. કંઈક લોકો નર્કાગાર જીવન વિતાવતાં હોય છે. આપણને કોઈ નાની વસ્તુ આપે તો આપણે એને થેક્યું કહેતા હોઈએ છીએ. તો પ્રભુજીને શું કહેશો. તેને શી નવાજીશ કરશો? અને, છેલ્લે સંદેશો પ્રભુએ મૃત્યુ માટે આપ્યો છે. જે જન્મ ધરે એને મૃત્યુ સહજ છે જ. પ્રભુજીને પગમાં તીર વાગ્યું હતું. ગાંધી બાપુને ગોળી વાગી હતી. મૃત્યુની વેદના કરોડો વિંછીના ડંખ જેવી અઘરી હોય છે. જુવાનીમાં ઝુમતા રહેશો તો મૃત્યુનો ઓછાયો ભયંકર બનશે. જુવાનીના જોશમાં ન ખોવાતાં ન ભૂત, ન ભવિષ્ય, વર્તમાનને ઓળખો. પ્રભુજીના જીવન સંદેશને પ્રત્યક્ષ નિહાળી આચરો. આપણે અને આપણા બાળકો પૂણ્યના હોડકામાં સફર કરતાં જીવન સાગર પાર કરીએ. પ્રભુના જીવન સંદેશને વાંચો, વિચારોને આચરો એજ અભ્યર્થના.

હવે છેલ્લી એક વાત પ્રભુ વાંસળી વગાડે છે અને એ વાંસળીની ફૂંકથી જ આપણા જીવનની ધડકન હૃદય બ્લોઅપ થાય છે. પ્રભુજીના એ વાંસળીના સૂર બેસુરા ન થાય એ જ રીતીએ આપણે શ્રીકૃષ્ણ જયંતિને દિવસે એમના જીવનમાંથી મેળવેલા સંદેશને પચાવીએ..... પ્રભુજીને મેળવવાનો સાચો અને સોપો માર્ગ એટલે જ પ્રભુ નામનો જાપ....

## મુરબ્બી રસીકભાઈ દલાલને જીવનના અમૃત મહોત્સવ પ્રસંગે

વાડાસિનોરનો વિરલો આ, અન્ય ભામાશા દિસે,
માંગનારો ખાલી હાથે, કોઈ પાછો નવ ફરે.
પ્રસંગોપાત અન્યો સાથ, વહાવે દાનની ગંગા
પ્રસંગો હોય ના તો, આપવાને કાજ તે ઉભા કરે.

*- સતીશ પરીખ*

## વાડાસિનોર પ્રગતિ સમાજ કૉ.ઓ. ક્રેડીટ સો. લીમીટેડ

૧) વાર્ષિક સામાન્ય સભાના આદેશ મુજબ ૨૦૦૪-૨૦૦૫ના વર્ષના ડીવીડન્ડ ૧૫ ટકા પ્રમાણે તા. ૨૦.૮.૨૦૦૫ થી કામકાજના દિવસોમાં બપોરના ૧૨ થી ૪ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે.

૨) **ગીફ્ટ :** તા. ૩૧.૩.૨૦૦૪ સુધીના દફતરે નોંધાયેલા સભાસદોને ગીફ્ટ (૧ ગ્રામ ગોલ્ડ કોઈન) આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેઓ ગીફ્ટના વાઉચરો સંજોગોવશાત્ ના લઈ ગયા હોય તેઓને સોસાયટીના કાર્યાલય ખાતેથી બપોરે ૪ થી ૬ સમય દરમ્યાન આપવામાં આવશે.

હવેથી ગીફ્ટ પ્રત્યેક અઠવાડીયાના છેલ્લા દિવસે એટલેકે શનીવારે ૪ થી ૬ ના સમય દરમ્યાન સોસાયટીના કાર્યાલય ખાતેથી આપવામાં આવશે. જેની નોંધ લેશોજી. સભાસદોને સમયસર લઈ જવા વિનંતી છે.

*ચેરમેન : શ્રી પ્રવીણચંદ્ર ઓ. દેસાઈ (દેડકી)*
*મંત્રીઓ : શ્રી પ્રવીણચંદ્ર પી. કડકીઆ (પી.પી.)*
*શ્રી ઉસનસ એન. કચેરીયા*

## અહેસાસ

કોઇ ગુઢ શક્તિ આકર્ષિ રહ્યું છે!
જાણે, દુનિયાથી દૂર જઈ રહ્યો છું.
ધીરે ધીરે મોહ ઓછો થઈ રહ્યો છે,
જાણે, ઢળતી સાંજ, વધતી વપના,
એંધાણા વર્તાય રહ્યા છે!
શશક્ત દેહે ના ઓળખી શક્યો તને,
આજ એનો ''અહેસાસ'' થઈ રહ્યો છે.
બરછટ, લબડતી વૃક્ષની છાલ,
ઘણું બધું કહી રહી છે!
કૃષ કાય, બહેરા, દષ્ટિનું વિલીન થવું,
મંગળ / અમંગળની આગાહી આપી રહ્યું,
શું છે? એ પારખવાની શક્તિ મુજમાં ક્યાંથી?

*- ચંદ્રકાંત ચાદ (ચટઈ)*

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક -૧૩ )

□ *જયંતિ કડકીઆ*

એક દિવસ અમારા માટે ખુશીનો હતો. તે દિવસે મારા પતિનો જન્મદિવસ હતો. મારા પતિને ઘર વેચ્યાનો તેમજ મારા દાગીના વેચ્યાનો થોડુ દુઃખ હતું. મેં તેમને આજે શાંતવન આપતાં કહ્યું જે બની ગયું છે તેને યાદ રાખવાથી આપણું દુઃખ દુર થવાનુ નથી. તેથી આગળ આપણે શું કરવુ તે રીતે વિચાર કરો. આજે તમારો જન્મદીન છે તો થોડા હળવા થઈ આનંદમાં રહો. ત્યારે મારા પતિએ કહ્યું હું ભુલવા પ્રયત્ન કરું છું પણ ભુલાતુ નથી. એમ વાત આગળ વધારતા બહેને કહ્યું મારા પતિનો જન્મદીન હોવાથી મારા પાડોશી અને મિત્રો એવા તેઓ પતિ-પત્ની બન્ને જણા મારે ઘરે જન્મદીન મુબારક આપવા આવી ગયા અને કહ્યું કે આજે લાપસી બનાવો. આજે મારા મિત્રનો જન્મદીન છે. તેમના આવવાથી વાતાવરણ જરા ખુશીમય બન્યુ અને મારા પતિએ કહ્યું કે આપણા પાડોશી અને મારો મિત્ર તેમની પત્નિ સાથે આવ્યા છે તો લાપસી બનાવી મોં મીઠુ કરાવો. તેમના આવવાથી વાતાવરણ થોડુ આનંદી બન્યું. અમે બંન્ને પાડોશી સુખ, દુઃખમાં એક બીજાના સાથી થતા હતાં. મેં લાપસી બનાવી ઘરના અમે તેમજ તેઓ બંન્નેએ મોં મીઠું કર્યું. થોડા વખત વાતોચીતો કરી વાતાવરણ હળવુ બનાવી તેઓ તેમને ઘરે જતા રહ્યાં.

આજે તેમનો જન્મદીન હતો અને ઘરમાં થોડી ખુશી હતી તેથી મારા મોટા પુત્રે કહ્યું બાપુજી મારે તમારી સાથે થોડી વાત કરવી છે.

મારા પતિએ કહ્યું તારે શું વાત કરવી છે તેની મને ખબર છે. છતાં હું તારા મોઢે વાત સાંભળવા માંગુ છું. મારા પુત્રે કહ્યું બધા લોકો રૂપિયા કમાવવા મુંબઈ જાય છે તો મારી પણ ઈચ્છા મુંબઈ રૂપિયા કમાવવા જવાની છે. જો નસીબ સાથ આપશે તો આપણે વેચેલુ ઘર તથા મારી બાના દાગીના પાછા મેળવી શકીશુ.

મારા પતિએ કહ્યું બેટા મારા કે તારી બાના સગામાં કોઈ મુંબઈમાં રહેતું નથી તો ત્યાં જઈશ કોના ઘરે? મારા પુત્રે કહ્યું બાપુજી તમે કહેતા હતા કે તમારા ઓરમાણ મોટાભાઈ વર્ષોથી મુંબઈ રહે છે. ઘણી વખત જ્યારે તેઓ ગામમાં આવે ત્યારે તમે મને દુરથી મારા કાકાને બતાવતા હતા એટલે મારો વિચાર કાકાને પત્ર મારફતે જણાવું કે મુંબઈ તમારે ત્યાં આવવા માગું છું. જો ઈશ્વરની ઈચ્છા હશે તો તમારા બંન્ને ભાઈઓ વચ્ચે સંબંધ પણ બંધાશે અને આપણું કુટુંબ વર્ષો બાદ એક થશે.

મારા પતિએ કહ્યું કદાચ તારા કાકા ના પાડશે તો?

મારા પુત્રએ કહ્યું પિતાજી પ્રયત્ન કરવામાં વાંધો શું? આપણે એમ વિચારીએ કે પરિણામ સારું જ આવશે.

મારા પતિએ કહ્યું જો તારી બાની ઈચ્છા હોય તો મને વાંધો નથી.

મારા પુત્રે કહ્યું મારી બાની પરવાનગી મેં પહેલેથી લઈ લીધી છે. છતાં મારી બાને બોલાવી રૂબરૂ જ વાત કરી લઈએ અને મારા પુત્રે મને બોલાવી આખી વાત કરી. અમે બંન્ને જણા મારા પુત્રને મુંબઈ મોકલવા સંમંત થાય અને રાજીખુશીથી પરવાગી આપી મારા પતિએ કહ્યું કે મને ખબર હતી કે તું મને આ જ વાત કરવાનો છે છતાં તારા મોઢે હું સાંભળવા માંગતો હતો. હવે કાકાની ઘરે ઉતરવા માટે તું શું કરવા માંગે છે તે જણાવાતા મારા પુત્રે કહ્યું તમે જવાની તારીખ નક્કી કરો પછી એક મહિના પહેલાં હું બે પત્રો લખીશ. એક પત્ર મારા મિત્રને લખીશ અને બીજો પત્ર મારા કાકાને લખીશ. મારા મિત્રને જણાવીશ કે હું નક્કી કરેલી તારીખે મુંબઈ આવું છું અને એકાદ માસ તારી ત્યાં રોકાઈ પછી હું મારી સગવડ કરી લઈશ. હું તેને

જ ણાવીશ કે મે મારા કાકાને પણ પત્ર લખ્યો છે. જેમને તું ઓળખે છે. તેમને પણ જણાવીશ કે નક્કી કરેલા દિવસે હું મુંબઈ આવું છું અને મારો વિચાર તમારે ત્યાં ઉતરવાનો છે. જો તમને મુંબઈ સેન્ટ્રલ મને લેવા આવશો તો હું માનીશ કે તમને મને તમારી ત્યાં રાખવા રાજી છો અને જો નહિ આવો તો હું મિત્રને ત્યાં ઉતરીશ. માટે તું મને મુંબઈ સેન્ટ્રલ લેવા આવજે. બીજો પત્ર કાકાને લખીશ કે આ તારીખે હું મુંબઈ આવું છું અને હું તમારી ત્યાં ઉતરવા માગું છું. જો તમારી મરજી હોય તો મને મુંબઈ સેન્ટ્રલ લેવા આવજો. જો તમે આવશો તો હું રાજી થઈશ અને તમને તમારી ઘરે લઈ જવા સંમંત છો. મેં એક પત્ર મારા મિત્રને લખ્યો છે તેને પણ તમારી ઘરે ઉતરવાની કાકા આવશે તો જઈશ નહિતર તારી ઘરે આવીશ એમ મે જણાવ્યું છે.

મારા પતિએ બ્રાહ્મણને પુછી એક મહીના પછીનો સારો દિવસ કાઢી આપવા કહ્યું કે મારો પુત્ર મુંબઈ કમાવવા માટે જવાનો વિચાર કરે છે, તો શુભ મુર્હુત કાઢી આપો. જેથી ભવિષ્યમાં તેની ઈચ્છા પુરી થાય.

બ્રાહ્મણે એના જન્માક્ષર જોઈ કહ્યું કે આ જન્માક્ષર પરથી આ છોકરાને વીસ વર્ષે પરગામ જવાનુ લખ્યું છે અને તેના ગ્રહો બહુ જ મજબુત છે તેથી મુંબઈ જઈ ચાર પાંચ વર્ષમાં સારુ એવી ધન કમાશે એટલું જ નહિ પણ આખા કુટુંબને સુખી કરશે. પણ જો જો યજમાન તમારો પુત્ર કમાય અને મારુ ભવિષ્ય સાચુ પડે તો મને ભુલશો નહિ. એમ કહી તેમે કહ્યું કે આનાથી દોઢ મહિના પછી આ દિવસ બહુજ શુકવંત છે. તો તે દિવસે તમારા પુત્રને મુંબઈ જવાનો દિવસ નક્કી કરજો.

જોત જોતામાં દોઢ માસ ક્યાં વિતી ગયો તેની ખબર જ ન પડી એ દરમિયાન મારા પુત્રે જવાની તમામ તૈયારી કરી નાખી અને તેને નક્કી કર્યા પ્રમાણે બે પત્રો એક મારા જેઠને અને બીજો તેના મિત્રને લખી નાખ્યા.

આજથી સાઈઠ વર્ષો પૂર્વે આજ જેવી સગવડ ન હતી. બપોરે દોઢ વાગે નિશાળના ચોકમાંથી બસ મારફતે સેવાલીયા જવુ પડતું હતું. તે દિવસે મા-બાપ તથા સગા બસ પર વળાવવા આવતા હતા બસ પર મા-બાપ પાણીનો લોટો ભરીને લાવતા હતા. ઘરેથી નિકળ્યા પછી બસમાં બેઠા સુધી તરસ લાગે તો પાણી પીવા કામ આવે. અમે કઠણ  હૈયે અમારા પુત્રને વળાવવા બસ સ્ટેન્ડ સુધી આવ્યા હતા. એ જમાનામાં અમારો પુત્ર પ્રથમ વખત જતો હોવાથી એને નારીયેળ તથા ચાર આના આપ્યા અને કહ્યું કે આ નારીયેળ અને ચાર આના મહાસાગર નદી આવે ત્યારે પધરાવજે. આપણા ધર્મમાં નદીને પવિત્ર ગણવામાં આવે છે. તેથી પ્રથમ વખત નદી ઓળંગતા તેની પુજારૂપે આમ કરવાનું વિચાર્યું હશે.

બપોરે દોઢ વાગે નિશાળના ચોકમાંથી બસ બે વાગે સેવાલીયા પહોંચી જતી હતી. બપોરે અઢીવાગે ગોધરા-આણંદ સટલ ગાડી સેવાલીયા આવતી હતી તે ગાડીમાં સાડાત્રણની આસપાસ આણંદ આવતી હતી. આણંદ અંદાજે છ કલાક બેસી રહેવું પડતું હતું. અમદાવાદથી ગુજરાત મેલ રાત્રે દસ વાગે આણંદ આવતી હતી.

આણંદ સ્ટેશને ગાડીમાંથી સામાન સાથે ઉતર્યા બાદ દરેક જણ પોત-પોતાની વર્તુળમાં ગોઠવાઈ જતા હતા. વખત પસાર કરવા ગામ ગપાટા મારતા હતા. તે વખતે આનંદ સ્ટેશન પર મગની દાળના ભજીયા બહુ વખાણાતા હતા. એટલે ઉતર્યાના કલાક બાદ ભજીયા ખાતા હતા. ભજીયા ખાધા બાદ ફરીથી વાર્તાઓનો બીજો દોર શરૂ થતો હતો. સાંજ` સાત સાડા સાત વાગે ત્યારે બધા ઘરેથી જે નાસ્તો લાવ્યા હોય તે કાઢતા ને સમુહ નાસ્તો કરતા. આમ એકાદ કલાક પસાર થયા પછી થોડા આરામ કરતા અને ગાડી આવવાની પ્રતિક્ષા કરતા હતા મારા પુત્રે આમ અમને જણાવ્યું હતું એમ બબલીએ કહ્યું. હવે ચ્હા નાસ્તાનો વખત થયો છે તેથી આપણે ચ્હા નાસ્તો કર્યા બાદ આગળ વાત કરીશું.

# વૈકુંઠ નિવાસી ભગવાનને એક ભક્તે કરેલી વિનંતી

*- રાજવંતી એચ. દેસાઈ*

**સ્વસ્થાન - શ્રી ગોલોકપુરી**

પરમ ધામના અધિપતિ ભક્ત વત્સલ ભગવાન ગરુડજીની સ્વારીવાળા, પાંડવના પ્રતિપાલક, અનાથના નાથ, સર્વના શિરોમણી, દેવાધિદેવ, મંગલસ્વરૂપ, સિચ્ચાનંદ, ધનશ્યામ, અખંડ લક્ષ્મીના અલંકાર, સર્વનું પાલન કરનાર ભક્તાધીન એવા શ્રી પૂર્ણપુરૂષોત્તમ ભગવાનની સેવામાં વિનંતી કરનાર મૃત્યુલોકના રહીશ. પંચભૂત દેહનગરીથી લખીતંત્ર આપની ઈચ્છાથી આ ભૂતપ વિશે જન્મ લેનાર હું એક મુસાફર સેવકનાં સાષ્ટાંગ દંડવત પ્રણામ આપના પવિત્ર ચરણ કમલમાં અંગીકાર કરશોજી.

આપશ્રીને વિનંતી કરવાની એ છે કે હે દયાળુ ભગવાન! મને આ ઘોર સંસારમાં ઉત્પન્ન કરવા સારો હેતુ ધારી આપની ગૃહનગરીથી પ્રથમ નવ માસ પૂરા થતાં બે પ્રકારની સમજુતી આપી. માતાના ઉદરથી બહાર જન્મ આપ્યો. એક સમજુતી નિત્ય પ્રમાણમાં સંસારનો વ્યવહાર કરવો તથા બીજી સમજુતી ભગવાનનું ભજન કરવું. આ પ્રમામે બે સમજુતી કરેલી હતી.

પણ આત્મનગરી જે શરીર છે તેની અંદર ઘણાં હરીજન અમલદારો નિવાસ કરી રહ્યાં છે અને તે લોકા આપ હજુર હુકમનું અપમાન કરાવે છે ને નગરીનું કામ ધારાસર ચલાવવામાં વિઘ્ન કરે છે. એ આસામીઓને નામવાર હું જાહેર કરું છું.

